# سلك حيوة

## 12 ઉમૂર – પરિચય

”ابارا مورلئي اٹھوا۔ خدا تعالى سگلا نے ياري انے توفيق آپے ، خدا مؤمنين نے آباد شاد باقي راكھے“




## FOREWORD

આકા મૌલા આલીકદર મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.શ.) ની હંમેશાસી આ ઈચ્છા રહી છે કે
મુમેનિન ખાલીસ અને મુકમ્મલ જીવન જીવે.
આ ઉચ્ચ દ્રષ્ટિને આગળ લઈ જવા માટે આપયે જમાત ના કાર્યોને ૧૨ ઉમુરમાં વિભાજિત કીધા છે.
એક રીતે ૧૨ ઉમુર સિલ્કે હયાત છે, અરબી શબ્દ સિલ્કનો મતલબ માળાના વણર્ન માટે થાય છે જેમાં મોતી સંપૂણર્ રીતે
એક સાથે બંધાયેલા હોઈ છે, આ કાળજીપૂવર્ક એક સાથે. ગૂંથાયેલો હાર,
અપને યાદ અપાવે છે કે કઈ રીતે મૌલા (ત.ઉ.શ.) યે જીવનના હર પહેલુને ૧૨ ઉમુરમાં જોડી લીધા છે.
દિવસે ને દિવસે, મુમિનેને 12 ઉમુરની જટિલતાઓમાં અને તેની તકોની શોધમાં વધુ રસ બતાવ્યો છે.
આ માટે 12 ઉમુર ટીમે આવી ચચાર્ઓ માટે એક મંચ રજુકરવા. આ “ સિલ્કે હયાત” નામનું ન્યૂઝલેટર રજૂ કર્યું છે,

-તૈખૂમ ભાઈસાહેબ મોહિયૂદ્દીન

# “મુમેનિન ની જમાઅત”

*લેખક: મુરતઝા ભાઈ શાકિર*
*અનુવાદક- મુ શબ્બીર પાગડીવાલા*

બચપનથી “મુમેનિનની જમાઅત” શબ્દ એટલા જાણીતા હતા કે વાઅઝ શૂરું થાય તે પહેલા મેં આ શબ્દો મારી નોટબુકમાં પહેલાથી જ લખી દેતો. કોઈપણ બયાન આ શબ્દો સિવાય ન હોય, જ્યાં સુધી મને યાદ છે દરેક મજિલસમાં અને સૈયદના તાહેર સૈફુદ્દીન(રિ.અ.) ની ઓડિયોમાં પણ આ શબ્દો હોય છે. એમ પણ દલીલ કરી શકાય કે “મુમેનિનની જમાઅત” શબ્દ નો ઈતિહાસ સૈયદનલ મોઅય્યદૂસ શિરાઝી (રિ.અ.) લગ પહોંચે છે સૈયદનલ મોઅય્યદૂસ શિરાઝી (રિ.અ.) આજ મિસલ “માઅશરલ મુમેનિન” કરીને સંબોધતા. મુમેનિન ની માન્યતા છે કે અવિલયાહ ઉલ્લાહના હર અમલમાં હિકમત ભરેલી હોય છે. તો "મુમિનીન ની જમાત" શબ્દ વિશે શું ખાસ છે કે તેનો ઉપયોગ દરેક િખતાબનો મૂળભૂત ભાગ બની ગયો છે?એના જવાબમાં સૌ પ્રથમ એમાં બતાવેલ શબ્દોની ગૂંચ ને ઉકેલવી જોઈએ, મૂળભૂત જમાઅતનો અથર્ એ છે કે એક જ હેતુ માટે માનવ સમૂહનુ એકઠા થવુ. અથાતર્ કે મુમિનીન આલે-મોહમ્મદ(સ.અ.વ્.) ના ઈલ્મની બરકાત લેવા વાસ્તે એક જ હેતુથી જમે થાય છે, તો હવે સવાલ બરાબર સમજી શકાય છે. ફક્ત વાઅઝ એવી જગહ નથી કે જ્યાં મુમેનિનની જમાઅત વ્યાપકપણે ઈસ્તેમાલ થાય છે, જમાઅત શબ્દ એ મુમેનિન નો સમુદાય જહા પણ વસતો હોય એ માટે પણ વપરાય છે. ઉદાહરણ તરીકે જામનગર, સૂરત મા રહેતા મુમેનિન જામનગર, સૂરત જમાતનો એક ભાગ છે. આમ તો એક સરળ અથર્ હોવા છતાં શબ્દ “જમાઅત” આપણાં ઈતિહાસમાં ઉંડાણમાં પણ સમૃદ્ધિ સંદભર્ ધરાવે છે. આપણા બુઝુર્ગોએ સ્વીકારી લીધું હતું કે આપણે સંસ્કૃતિના દરિયાની વચ્ચે એક નાનો સમુદાય છીએ. હજારો વષર્ પહેલા “અલ-હિન્દ” માં સ્થાયી થનાર વ્હોરા સમાજના નાના સમુદાયને ટકી રહેવા એકજુથ રહેવું પડશે. અમારા વડીલોએ સમજદારીથી ખરેખર એમ જાણ્યું કે સમુદાયના વિકાસ માટે એકબીજાને શોધીને સાથે રહેવું જરૂરી છે. જેથી એક બિજા ની મદદ થી કોમ અને વતન ની પ્રગિત કરી શકાય આ રીતે મુમેનિન નુ એક બિજા સાથમા જોડાય ને રેહવુ તે જમાત નો મતલબ છે. આપણી કોમની આધાર સ્તંભ એકતા અને સામાજિક એકજુથ ઉપર રચાયેલી છે. વિચારણીય છે કે મુશ્કિલના સમયમાં આપણાં પૂવજોર્ એકબીજા સાથે ખભાથી ખભા મિલાવતાં રહેતા.




*સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન (રિ.અ.), અશરા મુબારકાહ 1429*

*Source: www.misbah.info*

એવા અઘરા સંજોગો કે જેમા દૂર દૂર સુધી મોઅલ્લીમ ઉપલબ્ધ હતા નહી ત્યારે પણ આપણાં પૂર્વજો મૌલાના અકીદા પર કાયમ રહેતા અને એકબીજાને મદદ કરતાં. સૌરાષ્ટ્રથી માલવા, વાઘડ થી સિંધ સુધી તેઓ વિવધ લોકો, શાસન અને સંસ્કૃતિના સંપર્ક માં આવ્યા હતા અને તેમ છતાં તેઓ સચ્ચાઈ અને અપનાપણું જાળવી રાખ્યું. આ અડીખમ એકતા જ ખરેખર જમાઅત શબ્દની ગેહરાઈ પર આધાર રાખે છે.

આ વિશે વિચારો.... આજે આપણે જે સમૃધ્ધિના આધાર પર ઉભેલા છે, તે આપણા બુઝુગ ની ઘણી મહેનત અને મશક્કતનું પ રણામ છે. તેઓનું ઘ ં એહસાન છે કે આજ આપણે સફળતા તરફ છે, તેઓ પણ તમારા અને મારા જેવા સામાન્ય લોકો હતા, છતાં પણ કેટલાકે પોતાના પ રવારની સંપૂણર્ જમા-પૂં / જમીનનો એક ટુકડો જમાઅતના વપરાશ માટે આપી દીધો. કેટલાકે સમય અને વનનુ બિલદાન આપી બી ને શિખામણો અને ઈલ્મ આપ્યું. તેઓ પોતાની તને સામાન્ય ભલે ગણ્યા હોય. પરંતુ આજના લોકો માટે - તેઓ સમુદાયના નાયકો છે.

**આ ગાઢ એકતા ઉપર જમાઅત શબ્દનો આધાર છે.**

# હર એક મુમીન ખિદમતગુઝાર બની શકે છે.

આ પુરાના અખબારના અવશેષ નથી કે ભૂતકાળના પડઘા નથી. આજની કોમની ભાવના અને સેવા જે આપણે લઈ રહ્યા છીએ, તેમાં આ નાયકો જીવંત છે. આજે પણ આપણે એક થઈ ને કામ કરી સીધા આગળ વધીએ છીએ અને જીવન જીવીએ છીએ. સેંકડો મુમેનિન પોતાનો સમય અને જાન-માલ જમાઅતને અર્પણ કરે છે.

આ સેવા અર્પણ કરવું આપણે ગૌરવપૂર્વક 'મૌલાની ખિદમત" કહીએ છે. આ ભાઈચારાના આદર્શ આપણે આપણા પૂર્વજોથીજ ફક્ત મળ્યા છે એમ નથી, પરંતુ આપણા દુઆત મૂત્લકિન દ્વારા પણ આ આદર્શ આપણા હૃદયમાં ભેળવી દેવા મા અવ્યા છે.

સદીઓથી આપણા મવાલી કિરામ (અ.સ.) યે આપણને આ સિધ્ધાંતો શિખવ્યા છે. અમીરૂલ મુમેનિન (સ.અ.) સી રિવાયત છે કે આપ એક બેવા વાસ્તે પાની લાવી આપતા. ઈમામ હુસૈન (અ.સ.) તવાફ છોડીને મુમીનની મદદ વાસ્તે પધારા,

આપણા હુદુદ (અ.સ) યે એકબીજાની સંભાળ રાખવા અને વ્યક્તિગત રૂપે નહીં, પણ એક સમુદાય તરીકે સફળતા મેળવવા માટે દરેક રીતે આપણને એમ ઢાલી દીધા છે. આ સગલા આદર્શ સૈદના મોહમ્મદ બુરહાનુદ્દીન (રિ.અ.) યે આપણામાં કોતરી લીધા છે અને મુફદ્દલ મૌલા (ત.ઉ.શ.) આપની દૂરંદેશી સી સમુદાય સેવાના આ



*અશરા મુબારકાહ 1441 મા મૂમેનીન ની ખિદમત*

*Source: www.misbah.info*

આદર્શો અને ખિદમતને ૧૨ ઉમુરમાં વિભાજિત કરી દીધી છે. જમાત ના કામો ને ૧૨ ઉમુરમાં વિભાજિત કરી દેવા થી હવે આ ૧૨ ઉમુરથી ખિદમત વાસ્તે દરેક મુમીન પોતાનું contribution કોમની ખિદમત, બેહતરી વાસ્તે આપી શકે છે, ઉંમર , લિંગ અથવા પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લીધા વગર

દાખ્લા તરીકે ઉમુર ઈકતેસાદીયાહમાં જે સિનિયર વેપારીઓ છે, જે એના વ્યવસાયમાં નિપુણ છે, તેઓ નવી પેઢી સાથે counselling કરીને તેમને તૈયાર કરી શકે છે.

ઉત્સાહી ફોટોગ્રાફર, બ્લોગર અને સ્પીચ રાઈટર પોતાની જગ્યા ઉમુર ખારિજિયાહ હેઠળ પોતાને માટે સ્થાન બનાવી શકે છે. ટીનેજર જેને આધુનિક ટેક્નોલોજીમાં રસ હોય એ ઉમુર દાખેલિયા મા જોડાય શકે છે. પ્રોફેશનલ્સ જેમકે ડોક્ટર, વકીલ, શિક્ષક, આર્કિટેક્ટ, HR Expert, એકાઉન્ટન્ટ, ન્યુટ્રિનિષ્ટ, ટેક્નોલૉજીસ્ટ વગેરે પોતાને જે-તે લગતાં ઉમુરમાં જઈ શકે છે. **૧૨ ઉમુર હેઠળ ખિદમત માટે અનેક તક મળી શકે છે. મુમેનિન માંથી હર એક મુમીન ખિદમતગુઝાર બની શકે છે.**

કદાચ આકા મૌલાનું મુમેનિનની જમાઅત કહી ને ખિતાબ કરવું એ આપ તરફ સી ગાઈડલાઈન્સ છે કે આપણે એકતાથી કોમની ખિદમત કરીએ. ૧૨ ઉમુર જ સચોટ ઝરિયો છે.

આ પરિસ્થિતીના પ્રકાશમાં બીજી વખત જ્યારે હું આકા મૌલા (ત.ઉ.શ.) ની વાઅઝ મુબારકમાં હાઝીર થઈ અને નૂરાની કલેમાત સુનિસ, અને "મુમેનિનની જમાઅત" નો શું મતલબ છે યે મનમાં ઉતારીશ, અને હું વિચારણા કરીશ -'મુમિની ની જમાત'નો ભાગ બનવાનો અર્થ શું છે? શું હું મારા પૂર્વજો દ્વારા એકતા અને સેવાના નિર્ધારિત ધોરણો પ્રમાણે જીવું છું? શું હું મારા લોકો માટે વધુ કંઈ કરી શકું?

# THE 12 UMOOR TIMELINE

## WATCH HOW HISTORY UNFOLDED

### 1438H

**12 UMOOR**
A NEW DAWN

The 12 Umoor of the Jamaat were introduced by al-Dai al-Ajal Syedna Mufaddal Saifuddin TUS on the 16th of Moharram in Dar-es-Salaam

### 1440H

**FIRST STEPS**
RECRUITMENT

Mumineen applied to do khidmat for 12 Umoor in their respected mawaze on the auspicious occasion of Milaad Imam uz Zaman (AS), 12 Umoor Coordinators were appointed.

### 1441H

**AHDAAF**
A GOAL, A VISION , A DREAM

On the 8th of Moharram, Syedna TUS gave us his lofty vision for each Umoor cementing the scope of work for every Khidmat Guzaar. This Bayaan Mubarak would also be relayed across Aalam-e Iymaan the next day.

### 1441H

**ISTEHKAAM**
SOLIDIFYING THE 12 UMOOR STRUCTURE

A total of 72 Webinars were conducted to streamline the workings of each Umoor. Members from all across the world participated in this event.

### 1441H

**12 WEBINARS**
ANNUAL REVIEW OF 12 UMOOR COMMITTEES

Members of each Umoor presented their reports to Shehzada Husain Bhaisaheb Burhanuddin Saheb DM during Sherullahil Moazzam 1441H

### 1442H

**A NEW JAMAAT - TAJDEED**
A NEW DAY FOR ASPIRING KHIDMAT GUZAARS

The structure of the 12 Umoor was formalised into 3 levels and was incorporated within the Jama'at. Registration for Mumineen was opened so that they could apply for any Umoor that they choose.

# ઊમ્માલ કિરામ ની ઝબાની



Shk. Murtaza Bhai Madarwala
Aamil Saheb , Sydney

ખિદમતનો મૌકો મિલવોએ એક અચ્છું નસીબ કહેવાય. જે મિસલ રોશની દરેક ફાટમાંથી નિકલી કોનાઓ સુધી પહોંચે છે, ખિદમતની બરકાત પણ આપણી આલ-ઔલાદમાં ગુણાગુણ ઉતરે છે.
૧૨ ઉમુરના સ્થાપનાથી હર વો મુમીન જે ને ખિદમતનો શોક છે તે એમા જોડાઇ ને ખિદમતગુઝાર બની શકે છે.

૧૨ ઉમુર એક એવો ઢાંચો તૈયાર કરે છે કે મુમેનિન આમિલ સાહેબ સાથે રહીને સહી તરીકાસી ખિદમત કરી શકે, અને દરેક ઉમુરના પોતાના ખરેખર અને શક્ય ધ્યેયને પામી શકાય. આ ઢાંચો એક પ્રકારની જવાબદારીને વિભાજિત કરી અને સાથેસાથ ટીમવર્કને વિકાસ તરફ વાળી શકાય છે. કેમકે જે ખિદમત કરવાની છે એ પોતાના પ્રોફેશન મુતાબિક છે. પહેલા ખિદમતગુઝાર એમ ડરથી આગળ નહોતા આવતા કે શાયદ એવી ખિદમત સોંપાય જાય કે જેની એને જાણકારી/સમજ ના હોય. યે શખ્સ હવે જોશ સાથે ખિદમાતમાં શામિલ થાશે. હવે ૧૨ ઉમુર ના વિભાજન, થી આમિલ સાહેબ માટે પણ સહેલ થાશે કે યે જાણકાર/નિષ્ણાંત થી વાતચીત કરીને મૌલા (ત.ઉ.શ.)ની ખુશી મુતાબિક જમાત સાથેના લક્ષ્યોને કેવી રીતે પ્રાપ્ત કરે છે તેની યોગ્ય અને સારી રીતે જાણકાર યોજના બનાવે .



Shk. Murtaza Bhai Rajkotwala
Muawin Aamil Saheb , Taheri Mohalla (Mumbai)

## હાર્ડવર્ક થી હવે સ્માર્ટવર્ક

હવે ૧૨ ઉમુરથી આપણે આપણું ફોકસ હાર્ડવર્ક થી હવે સ્માર્ટવર્ક તરફ થયું છે. લોકો પણ જમાઅતના કામોમાં રસ લેતા છે. પોતાની આવડત મુતાબિક દરેકને ખિદમત સોંપાઈ અને તેના પરિણામે જમાઅતના કામો ગુણવતાથી થઈ રહ્યા છે. નકારાત્મક વલણ જેમ કે મેમ્બરોમાં વિવાદો અને એક હથ્થું ચલણ દૂર થયું છે. અગાઉ જે બાબતો છૂટી જતી હતી તે હવે બરાબર ધ્યાન અપાય છે.બુરહા

## ઈન્ટરવ્યૂ: મુસ્તાઅલી ભાઈસાહેબ બુરહાની ~(નાસિક આમિલસાહેબ)



### સવાલ ૧

**તમારા મોઝેઅમાં ૧૨ ઉમુરના ખિદમતગુઝારો કઈ રીતે શામિલ થયા?**

દરરોજ રાતે અમારા મેમ્બર્સ ૩ મુમેનિનને બોલાવતા અને આમિલ સાહેબના સામે એક-એક ની મિટિંગ થાતી. મિટિંગમાં તેમને આવકારતા અને તેઓ જે કરે છે તેની પ્રસંશા કરતાં અને અમે ચર્ચા કરતાં કે કેટલો ટાઈમ પોતે ખિદમત વાસ્તે આપી શકશે. મેં તેમને ઉત્સાહી કર્યા ખિદમતનો જે હેતુ છે તે યાદ કરાવ્યું અને પોતે જે ઉમુરમાં છે તેની કાર્યક્ષેત્રની સમજૂતી આપી.

### સવાલ ૨

**તમે માનો છો કે ૧૨ ઉમુરની રચનાથી કાર્યદક્ષતા વધી છે?**

૧૨ ઉમુર પહેલા ફક્ત અમુક મેમ્બર્સ જેનો અમુક સમય તે કામ મા અનુભવ પણ ના હોય છતાં ખિદમતો ને અંજામ આપતા.. ૧૨ ઉમુરની ટીમ બનવાથી દરેકને પોતાનું કાર્યક્ષેત્ર મળી ગયું અને તે જ બાબત પર તેઓ ધ્યાન આપી શકે.
ચોક્કસપણે માનું છું કે ૧૨ ઉમુર ઘણું જ ફાયદાકારક નીવડશે અને એના ફાયદાથી અમને પરિવર્તન જોવાઈ રહ્યું છે.

### સવાલ ૩

**તમારા મોઝેઅમાં ૧૨ ઉમુરનું હવે પછીનું પ્લાનિંગ શું છે?**

અમારી ૧૨ ઉમુરની બેઝિક ટીમ લગભગ તૈયાર છે અને અમે યોગ્ય કોમ્યુનિકેશન ચેનલથી અને સંકુલનથી કામ કરી રહ્યા છે અને એ પછીના અમારા પ્લાન હજી વધારે મુમેનિનને શામિલ કરી ટીમને મજબૂત બનાવવાનો છે. અમે કેટલાક વર્કશૉપનું પણ આયોજન કર્યું છે કે જે મેમ્બરોને મદદરૂપ થઈ શકે અને હજી સારી રીતે ખિદમતને અંજામ આપી શકે.

# જ્ઞાનપૂર્ણ વિભાગ

قال رسول الله صلع

نِيَّةُ الْمُؤْمِنِ أَبْلَغُ مِنْ عَمَلِهِ

**ચાલો અપને સગલા આજે અઝમ અને *નીય્યત* કરીએ કે આ ૧૨ ઉમુરનો હિસ્સો બનીએ અને *ખિદમત* કરીએ.**

> *Nothing is impossible to a willing heart*
>
> ~ John Heywood

# સોશિયલ મીડિયા

*its52.com* વેબસાઈટ પર 12 ઉમુર ખિદમત વાસ્તે રજીસ્ટ્રેશન ચાલુ છે. જેને ખિદમત કરવી છે એના માટે આ ઘણી મોટી તક છે. જે મુમેનિનને આ અઝીમ નેઅમતનો શુકર કરવું હોય યા તસવવુરાત પેશ કરવા હોય તો *https://shform.paperform.co* પર કરે અથવા આપેલા *QR Code* ને સ્કેન કરી મોકલી શકે છે. (નાયાબ તસવવુરાત ને હવે પછીના ન્યૂઝલેટરમાં અને *Instagram* પર પબ્લીશ કરવામાં આવશે.

નિયમિત અપડેટ્સ માટે 12 ઊમૂર નો *Instagram* અકાઉંટ *Follow* કરો.

https://instagram.com/12umoor

## Take Away Section

પહેલા અને શરૂઆતના ન્યૂઝલેટર વાંચ્યા પછી તમે..

- 12 ઉમુરને નામ આપી શકશો
- 12 ઉમુરના ફાયદા જાણશો

આનો વિકાસ કઈ રીતે થયો તે જાણશો

## મુમેનિન ની તસવ્વુરાત

મારા નસીબની બલંદી છે કે મને આકા મૌલા (ત.ઉ.શ.)ની ખિદમતની તક મળી. હમણાં જ મને ૧૦૦% બ્લોકેજ થવાથી હાર્ટ એટેક આવ્યો અને જીવન મરણની બાબત થઈ ગઈ હતી, અને એમ માનું છું કે આકા મૌલા (ત.ઉ.શ.)ની દોઆઅ અને ખિદમતના સબબ જ હું બચી શક્યો છું. એમ દોઆ કરું છું કે મારા છેલ્લા શ્વાસ સુધી મને ખિદમત નસીબ થાય.

કુસય ભાઈ ગોવાવાલા,<br>ફાતેમી મોહલ્લા પૂના

મિલાદ મુબારક પર સૈયદના તાહેર સૈફુદ્દીન (રિ.અ.) ના કલેમાત નૂરાનિયાહ સૂના અને મેં અઝમ કરું છું કે મારી જે આવડત છે તે મુતાબિક ૧૨ ઉમુરની કમિટીમાં હું ખિદમત કરીશ.

મુફદ્દલ ભાઈ હકીમ,<br>ઊદેપૂર

આકા મૌલા (ત.ઉ.શ.)ની દુઆ એજ અંતિમ લક્ષ્ય અને વળતર છે, અને બીજા મુમેનિનની દુઆ મળી જ છે, તેની અસર મારી જિંદગીમાં ઘણી જોવાઈ છે.

મુ. તાહેર ભાઈ જાવદવાલા,<br>બુરહાની પાર્ક નેરલ